ગાંધીનગર સમાચાર
તા. ૨૦-૯-૨૦૧૪, શનિવાર

## તંત્રી સ્થાનેથી....

### ગઠબંધનનું રાજકારણ

શિવસેના અને ભારતીય જનતા પાર્ટી વચ્ચે અઢી દાયકા જૂનું ગઠબંધન ચાલતું રહ્યું છે. ભાજપને મહારાષ્ટ્રમાં એન્ટ્રી અપાવનાર જ શિવસેના છે એમ કહીએ તો અતિશયોક્તિ નહીં લેખાય. શિવસેનાના સંસ્થાપક બાળાસાહેબ ઠાકરેની મારફાડ હિંદુત્વવાદી નેતા તરીકેની ઇમેજ ભાજપના સોફ્ટ હિંદુત્વની સરખામણીએ મહારાષ્ટ્રને વધુ માફક આવી અને મુંબઇ તો વર્ષોથી શિવસેનાનો ગઢ જ બની રહ્યું છે. પરંતુ ગઇ ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ નરેન્દ્રભાઇ મોદીની અંગત ઇમેજ અને યુપીએ સરકારની નકારાત્મક છાપને કારણે દેશભરમાં ધબડાટી બોલાવી દીધી. પાર્ટી એકલે હાથે સ્પષ્ટ બહુમતી મેળવીને સત્તા પર આવે એવા વાતાવરણનું નિર્માણ થયું, પરંતુ ગઠબંધન ધર્મ નિભાવવાની રીતે સૌથી જૂના સાથી પક્ષને ભાજપે પૂરતું વજૂદ અને વજન આપ્યું હતું. જો કે મહારાષ્ટ્રમાં શિવસેનાની સરખામણીએ ભાજપ હાલ વધુ મજબૂત સ્થિતિમાં છે, છતાં શિવસેના એનો મોટાભાઇનો પાઠ છોડવા તૈયાર નથી. આગામી વિધાનસભાની ચૂંટણીમાં શિવસેનાને આકડે મધ દેખાઇ રહ્યું છે. એથી શિવસેના સુપ્રીમો ઉદ્ધવ ઠાકરે આ તક જવા દવા માગતા નથી. એમણે શરમ છોડીને પોતે મુખ્યમંત્રી બનવા માગે છે, એવું જાહેર કરી દીધું છે. બીજી તરફ ભાજપમાં ગોપીનાથ મુંડે અને નીતીન ગડકરી જેવા બે વરિષ્ઠ નેતાઓ મુખ્યમંત્રીપદના દાવેદાર ગણતા હતા, જે પૈકી મુંડેનું અકાળ અવસાન થતાં હવે ગડકરી એકલા જ મેદાનમાં છે. એમને નાગપુરમાં પૂરેપુરૂં પીઠબળ પણ છે. શિવસેનાનો વાઘ - બાળઠાકરે ગુજરી ગયો છે અને બે પિતરાઇઓ વચ્ચે પણ 'ઇગો'ની ટકરાણમ છે. મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના નેજા હેઠળ જુદો ચોકો માંડીને રાજઠાકરેએ હિંદુત્વવાદી મતદારોમાં વિભાજનની સ્થિતિ ઊભી કરી જ દીધી છે. વિધાનસભાની બેઠકોની વહેંચણીના મુદ્દે શિવસેના અને ભાજપ વચ્ચે ઉગ્ર વિવાદ ચાલી રહ્યો છે. શિવસેના કુલ ૨૮૮ પૈકીની ૧૫૫ બેઠકોથી એક પણ ઓછી બેઠકવાળી સમજૂતી સ્વીકારવા તૈયાર નથી. વળી ભાજપને એ ૧૧૯થી વધુ બેઠકો આપવા તૈયાર નથી અને મુખ્યમંત્રી શિવસેનાનો જ બનશે, એની આગોતરી ખાતરી મેળવી લેવા માગે છે. આ સંજોગોમાં બેઉ પાર્ટીઓ વચ્ચેનું પચ્ચીસ વર્ષ જૂનું ગઠબંધન ઘોંચમાં પડી ગયું છે. બેઉએ બેઠકોના મુદ્દાને પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવી દીધો છે. શિવસેનાએ તાજેતરની પેટાચૂંટણીમાં ભાજપને મળેલા નબળા પ્રતિસાદ પર કટાક્ષ બાણ છોડ્યાં છે. તો સામે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે ભાજપના ઉમેદવારોની યાદી જાહેર કરી દેવાની ચીમકી આપી છે. ચકમક ઝરી રહી હોવા છતાં બેઉ પક્ષોને એકમેકની ગરજ હોવાનો પૂરો અહેસાસ છે. એથી ભાજપ તરફથી 'દો - કદમ હમ ભીં ચલેં, દો કદમ તુમ ભી ચલો' વાળી સમાધાનકારી ફોર્મ્યુલા સૂચવાઇ છે. સૌ જાણે છે કે ભાજપ અને શિવસેના વચ્ચેના ગઠબંધનમાં તિરાડ પડવાથી સીધો જ ફાળદો કોંગ્રેસ-એનસીપી ગઢબંધનને જ થશે. તેથી કેટલીક અણગમતી બાબતો પણ ગળે ઉતારી બેઉ પક્ષો ઘીના ઠામમાં ઘી પડી રહે એ દિશામાં કોશિશ કરી રહ્યાં છે. જો કે શિવસેના એની આક્રમક મુદ્રામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પણ પડકારવાની તક જવા દેતું નથી. 'સામના' નો કડક લેખ મોદીના સ્વમાન પર કોઇ કટ્ટર વિરોધી પણ ન કરે એવો કારી ઘા છે. તો સંજોગોમાં ભાજપ 'એકલો જાને રે' નો જુગાર ખેલવા તૈયાર થશે કે શું? સમય જ કહી શકશે. સામે શરદ પવાર અને સોનિયા ગાંધી વચ્ચેની સંભવિત બેઠક પછી બેઉ પાર્ટીઓ એમની મહારાષ્ટ્રની જાગરી બચાવવા તમામ તાકાત લગાડી દેશે તે સ્વાભાવિક છે.





## ચિલોડાની એક ખાનગી શાળામાં રસોઈ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર તાલુકાના ચિલોડા ખાતે આવેલ એક ખાનગી શાળામાં વિદ્યાર્થીઓ માટે રસોઈ સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ એક થી એક ચડિયાથી સ્વાદિષ્ટ વાનગીઓ બનાવી હાજર તમામના મોં માં પાણી લાવી દીધું હતું. આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## આજે એઈડ્સ પર મેઈન સ્ટ્રીમ વર્કશોપ યોજાશે

ગાંધીનગર, તા. ૧૯


ગાંધીનગર નહેરુ યુવા કેન્દ્ર દ્વારા આજે સેસીટાઈઝેશન અને મેઈનસ્ટ્રીમ વર્કશોપ યોજાશે. આજરોજ શનિવાર સવારે ૧૦.૦૦ વાગે સર્કીટહાઉસ મીટીંગ હોલમાં યોજાશે. વર્કશોપમાં એચ.આઈ.વી. એઈડ્સ વિષય પર તજજ્ઞો માર્ગદર્શન આપશે. આ વર્કશોપમાં જિલ્લાના યુવા સંસ્થાના કાર્યકરોને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

## ઓઝોન ડે ની ઉજવણી કરવામાં આવી

ગાંધીનગર, તા. ૧૯

ચૌધરી કોલેજ ઓફ એજ્યુકેશન (એમ.એડ.) અને ચૌધરી એમ.બી.એ. કોલેજ દ્વારા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના સહયોગથી તા. ૧૬ સપ્ટેમ્બર-૨૦૧૪ના રોજ ઓઝોન-ડેની ઉજવણી કરવામાં આવેલ જેમાં અમારી ભગીની સંસ્થા ચૌધરી એમ.બી.એ. કોલેજ સહભાગી બની હતી.

વર્તમાન સમયમાં પર્યાવરણ પ્રદૂષણ, ગ્લોબલ વોર્મિંગ અને ઓઝોન સ્તરમાં પડતા ગાબડાના પરિણામે સમગ્ર પૃથ્વીની જીવનસૃષ્ટી પર અસર થઈ છે. ત્યારે આવા વૈશ્વિક કક્ષાના ગંભીર વિષય પર વ્યાખ્યાન માળા ભાગ-૨ નું આયોજન કરવામાં આવ્યું જે અંતર્ગત નિસર્ગ કોમ્યુનિટી સેન્ટરના સંચાલક અનિલભાઈ પટેલે ઓઝોનની જાળવણી અને પર્યાવરણની જાળવણી વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. નરેશભાઈ ઠાકરે તાલીમાર્થીઓ સાથે સીધો સંવાદ કરી ઓઝોન વિશે યોગ્ય માર્ગદર્શન આપ્યુ. સંસ્થાના આચાર્ય ડૉ. ભાવનાબેન પટેલ આવેલ મહાનુભાવોનો શાબ્દિક સ્વાગત પરિચય આપ્યો અને શ્રીમતી અર્ચનાબેન ભટ્ટે આભાર માન્યો હતો.



## ઓઝોન-ડે એ વિદ્યાર્થીઓનો પર્યાવરણ બચાવોનો સંદેશ

ચિલોડા ખાતે આવેલ ઓમલેન્ડ માર્ક સ્કૂલમાં ઓઝોન-ડે ની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં શાળાના બાળકોએ પર્યાવરણ બચાવો વિષય પર વિવિધ પોસ્ટરો બનાવી લગાડ્યા હતા અને ચર્ચા તેમજ નિબંધ સ્પર્ધામાં ભાગ લીધો હતો. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## હરિની દૃષ્ટિ...




આપણે તો લારી ભરી ભરીને એના દેશનું બહુ ખાધુ, હવે ઇ લોકોને થેપલા - ઢોકળા ખાતા કરી દઇ તો કઇરૂ કામ ?!

# જમ્મુ-કાશ્મીરના પૂરગ્રસ્તો માટે ચારુતર વિદ્યામંડળ વડાપ્રધાન રાહતનિધિમાં ૨૫ લાખ રૂપિયા આપશે

## સીવીએમની કાઉન્સિલની બેઠકમાં અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલે ઠરાવ મંજૂર કરાવ્યો

વલ્લભ વિદ્યાનગર, ૧૯

રાષ્ટ્રીય આપત્તિમાં અસરગ્રસ્તોની વહારે ધાવાની ચારુતર વિદ્યામંડળ (સીવીએમ)ની પરંપરાને જાળવી રાખતાં સીવીએમની ગવનિંગ કાઉન્સિલની ગુરુવાર, ૧૮ સપ્ટેમ્બરના રોજ મળેલી બેઠકમાં પ્રમુખસ્થાનેથી સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલે જમ્મુ-કાશ્મીરના પૂરગ્રસ્તો માટે રૂપિયા ૨૫ લાખ વડાપ્રધાન રાહતનિધિમાં આપવાની દરખાસ્ત મૂકી અને કાઉન્સિલના તમામ સભ્યોએ એકીઅવાજે એને વધાવી લીધી હતી.

સીવીએમના અધ્યક્ષ ડૉ.પટેલે ગુરુવારે જ ગુજરાતના શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સાથે ઉપરોક્ત સંદર્ભમાં ફોન પર વાત કરીને મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલને શિક્ષણમંત્રી શ્રી ચુડાસમાની હાજરીમાં રૂા.૨૫ લાખનો ચેક વડાપ્રધાન રાહતનિધિ માટે સુપરત કરવાની લાગણી વ્યક્ત કરી હતી અને એ અંગે લિખિત સંદેશ પણ પાઠવ્યો હતો.

અગાઉ વર્ષ ૨૦૦૧માં ગુજરાતમાં આવેલા ભૂકંપ વખતે કચ્છનાં તારાજ ગામોમાં ચારુતર વિદ્યામંડળે અસરગ્રસ્તોને માટે રાહતકાર્ય કરવા ઉપરાંત સાત ગામોમાં શાળાઓનાં મકાન બાંધી આપ્યાં હતાં. જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદીઓએ અનાથ કરી મૂકેલાં બાળકોને કોઈપણ જાતના ધાર્મિક કે અન્ય ભેદભાવ વિના સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલે વલ્લભ વિદ્યાનગર ખાતેની સીવીએમની શિક્ષણસંસ્થાઓમાં મફત શિક્ષણ અને અન્ય તમામ પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ કરાવી હતી. આ જ પરંપરાને સીવીએમ આગળ વધારી દેશવાસીઓની મદદ કરવા કૃપસંકલ્પ છે.

આ ૨૫ લાખ રૂપિયાની સખાવત સીવીએમસંચાલિત આ છ સંસ્થાઓ પોતાની સંસ્થામાં પગાર ઉપરાંત ઈતર ખર્ચમાં કરકસર કરીને આપશેઃ (૧) જી.એચ.પટેલ કૉલેજ ઑફ ઍન્જિનિયરિંગ એન્ડ ટૅકનોલૉજી (જીસેટ) (૭ લાખ રૂપિયા) (૨) એ.ડી.પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટૅકનોલૉજી (એડીઆઈટી) (૭ લાખ રૂપિયા) (૩) એસ.જી. એમ.ઈ. કૉલેજ ઑફ કોમર્સ ઍન્ડ મૅનેજમેન્ટ (સૅમકોમ) (૩ લાખ રૂપિયા) (૪) બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય (બીવીએમ) (૩ લાખ રૂપિયા) (૫) ઈન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ ઍન્ડ ટૅકનોલોજી ફૉર ઍડવાન્સ સ્ટડી ઍન્ડ રિસર્ચ (આઈસ્ટાર) (૩ લાખ રૂપિયા) (૬) એન.વી.પટેલ કૉલેજ ઑફ પ્યોર ઍન્ડ ઍપ્લાઈડ સાયન્સીસ (એનવીપાસ) (૨ લાખ રૂપિયા).

# રાણીપમાં કડવા પાટીદાર જીવનસાથી નોંધણી કેન્દ્ર પસંદગી મેળો યોજશે

ગાંધીનગર, તા. ૧૯

કડવા પાટીદાર જીવનસાથી નોંધણી કેન્દ્ર જીવનસાથી પસંદગી પરિચય મેળો યોજશે. સેક્ટર-૨૪, રાણીપ, નરોડા અને કૃષ્ણનગર કેન્દ્રમાં નોંધાયેલ લગ્નોત્સુક માટે યોજવામાં આવશે. કડવા પાટીદાર જીવનસાથી પસંદગી નોંધણી કેન્દ્ર દ્વારા આગામી તા. ૨૮ રવિવારના રોજ પસંદગી પરિચય મેળો યોજવામાં આવશે. અમદાવાદ રાણીપ સ્થિત માણેકલાલ સ્મૃતિ હોલ ખાતે યોજાનાર પસંદગી મેળામાં ગાંધીનગરના સેક્ટર-૨૪, અમદાવાદ રાણીપ, નરોડા, કૃષ્ણનગર નોંધણી કેન્દ્રમાં નોંધાયેલ યુવક-યુવતિઓ ભાગ લઈ શકશે.

પસંદગી મેળો ફક્ત છુટાછેડા, વિધવા, વિધુર તેમજ શારીરિક વિકલાંગતા ધરાવનાર યુવક-યુવતિઓ માટે યોજાશે. તેમજ સ્થળ પર લગ્નોત્સુક ૩૦ વર્ષ થી મોટી, અપરણિત યુવતિ તેમજ છુટાછેડા, વિધવા, અપંગ યુવતિઓનું વિનામૂલ્યે સવારે ૮.૦૦ વાગે રજીસ્ટ્રેશન કરવામાં આવશે.

## જુસિકા શ્રાદ્ધવિધિ અને સત્યનારાયણની કથા યોજશે

વર્ષોની પરંપરા મુજબ જુનિયર સિટિઝન કાઉન્સિલ અનામી મૃતકોના મોક્ષાર્થે શ્રાદ્ધવિધિ અને સત્યનારાયણ ભગવાનની કથા યોજશે.

સેકટર-૪ શનિ મંદિર ખાતે તા. ૨૧ રવિવારના રોજ બપોરે ૩ થી ૬ દરમિયાન યોજવામાંઆવશે. આ કાર્યક્રમમાં નગરજનોને પધારવા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## સે-૨૪ નવરાત્રી સમિતિની વરણી કરાઈ

જય અંબે યુવક મંડળ સે-૨૪ની નવરાત્રીની તૈયારીના ભાગરૂપે બેઠક યોજવામાં આવી હતી. બેઠકમાં કારોબારીની વરણી કરવામાં આવી હતી. પ્રમુખ અજયસિંહ પરમાર, ઉપપ્રમુખ હિરાભાઈ દરજી, મંત્રી-રાજુભાઈ પટેલ, મહામંત્રી-મનોજભાઈ ગુર્જર, સહમંત્રી-કલ્પેશભાઈ શાહ, ખજાનચી-દલપતસિંહ ગોહિલ, ઓડિટર અનોપસિંહ ચાવડા, સલાહકાર રાજુભાઈ ધોબી, મહિલા પ્રમુખ-કૈલાસબેન લખવારા અને કારોબારી સભ્યોની વરણી કરવામાં આવી હતી.

## સે. ૨૧ જીમખાના સભ્યો જોગ


સેક્ટર-૨૧ જીમખાનામાં સરનામુ વેરીફાઈ કરવા સભ્યોને જણાવવામાં આવ્યું છે. અવાર-નવાર બદલાતા સરનામાથી સભ્યોનો સંપર્ક કપાઈ જાય છે અને જીમખાના દ્વારા યોજાતા વિવિધ સાંસ્કૃતિક અને રમત-ગમતની પ્રવૃત્તિઓનો લાભ સભ્યો મેળવી શકતા નથી. ત્યારે જીમખાના દ્વારા સભ્યોને અપિલ કરવામાં આવી છે કે, જેમના નામ સરનામા, ઈ-મેઈલ એડ્રેસ બદલાઈ ગયા હોય તેમણે ફેરફાર સાથે કચેરીને જાણ કરવી.







ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુશન ઓફ ટીચર એજ્યુકેશન ગાંધીનગર (આઈઆઈટીઈ) નો ૩ જો યુથ ફેસ્ટીવલનો ઉદ્‌ઘાટન સમારંભનો આરંભ થયો હતો. તારીખ ૧૯ અને ૨૦ દરમ્યાન ચાલનારા આ યુથ ફેસ્ટીવલમાં બીએ બીએડ અને બીએસસી બીએડ ના ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓ કલાસીકલ ડાન્સ, ગૃપ ડાન્સ, કવીઝ, ડીબેટ, પાદપૂર્તિ, ગઝલ, શાયરી, કવિતા લેખન, તત્કાલ ચિત્ર સ્પર્ધા, કોલાજ, પાસ્ટર મેકીંગ, કલે મોડલીંગ, કાર્ટુનીંગ, રંગોળી, હળવુ સંગીત, ગૃપ સોંગ્સ, એક પાત્રિય અભિનય, મિમિક્રી, માઈન જેવી કલાઓમાં પોતાનું શ્રેષ્ઠત્તમ યોગદાન આપશે. સતત ૩ જા વર્ષે યોજાયેલ આ યુથ ફેસ્ટીવલનાં ઉદ્‌ઘાટન પ્રસંગે વાઈસ ચાન્સલર ડૉ. યાદવ આચાર્ય, ડૉ. કલ્પેશ પાઠક અને અતિથિ તરીકે જાણીતા કલાકાર રાજુ બારોટ ઉપસ્થિત રહ્યા હતા. તેઓશ્રીના કહેવા પ્રમાણે ઈતરપ્રવૃત્તિઓને ખીલવવાનું કામ યુથ ફેસ્ટીવલના માધ્યમથી જ થાય છે. અને સંસ્કૃતિને જાળવી રાખવાની દરેકની જવાબદારી છે. ઉલ્લેખનીય છે કે આ ટીચર ટ્રેનીંગ ઈન્સ્ટીટ્યુટમાં ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓ તાલીમ લઈ રહ્યા છે. (તસવીર : કશ્યપ નીમાવત)



## જ્ઞાનકુંભ

- દર્શન મારૂ

### વર્તમાન પ્રવાહો

૧. ૨૦૧૪માં સોની ઓપન ટેનિસ ટૂર્નામેન્ટમાં મહિલા એકલનો ખિતાબ કઈ મહિલા ખેલાડીએ જીત્યો હતો?
➜ **સેરેના વિલિયમ્સ**
૨. ૨૦૧૪માં વિશ્વ એન્ટી ડોપિંગ સંસ્થાએ કયા બે પદાર્થોને પ્રતિબંધિત યાદીમાં સમાવેશ કર્યો છે?
➜ **જીનોન અને આર્ગન**
૩. ૨૦૧૪માં આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ કયારે મનાવવામાં આવ્યો હતો?
➜ **૧૮ મે**
૪. ૨૦૧૪માં વિશ્વના કયા દેશમાં આર્મી શાસન લાગુ કરવામાં આવ્યું છે?
➜ **થાઇલેન્ડ**
૫. ઈટાલીયન ઓપન ટેનિસ-૨૦૧૪માં મહિલા વર્ગમાં કોણ વિજેતા છે?
➜ **સેરેના વિલિયમ્સ**
૬. ઈટાલીયન ઓપન ટેનિસ-૨૦૧૪ કોણે જીતી લીધી?
➜ **નોવાક જોકોવિચ**
૭. ૨૦૧૪માં ૬૭માં કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં ભારતીય પ્રતિનિધિ મંડળનું નેતૃત્વ કોણે કર્યું હતું?
➜ **કમલ હાસન**
૮. ૨૦૧૪માં આંતરરાષ્ટ્રીય પ્રૌદ્યોગિક કાયદા સંસ્થાના અધ્યક્ષ તરીકે કોની વરણી કરવામાં આવી છે?
➜ **સજાઇસિંઘ**
૯. ૨૦૧૪માં અદાણી ગ્રુપે ઓસ્ટ્રેલિયાના કયા રાજયમાં ૧૫.૪૬ બિલિયન ડૉલરની કોલસાની ખાણ વિકસાવવા પ્રોજેક્ટ મળ્યો છે?
➜ **કવીન્સલેન્ડ**
૧૦. ૨૦૧૪માં ભારત અને રશિયા વચ્ચે કયાં સંયુક્ત પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો હતો ?
➜ **બ્રહ્મોસ મિસાઇલ પ્રોજેક્ટ**
૧૧. ૨૦૧૪માં સંયુક્ત રાષ્ટ્ર દ્વારા જાહેર કરવામાં આવેલ સર્વે રિપોર્ટ મુજબ વિશ્વમાં સૌથી વધુ જનસંખ્યા ધરાવતું શહેર કયું છે?
➜ **ટોકિયો**
૧૨. ૨૦૧૪માં કયારે વિશ્વ જનસંખ્યા દિવસ મનાવવામાં આવ્યો હતો?
➜ **૧૧ જુલાઇ**
૧૩. ૨૦૧૪માં સાનિયા મિર્ઝા અને કારા બ્લેકની જોડીએ WTF રેન્કીંગમાં કયું સ્થાન પ્રાપ્ત કર્યુ છે?
➜ **૫ (પાંચમું)**
૧૪. ૨૦૧૪માં રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રકચરના નવા અધ્યશ્ર પદે કોની નિયુક્તિ કરવામાં આવી છે?
➜ **એમ. એસ. મહેતા**
૧૫. ૨૦૧૪માં સંયુક્ત રાષ્ટ્ર મહિલા સદભાવના દૂત (UN Women Goodwill Ambassador) તરીકે કોની પસંદગી કરવામાં આવી હતી ?
➜ **એમ્મા વોટસન**
૧૬. ૨૦૧૪માં અમેરિકાના ફેડરલ ન્યાયાધીશ તરીકે કોમી નિયુક્તિ કરવામાં આવી છે?
➜ **ઇન્દિરા તલવાની**
૧૭. આંતરરાષ્ટ્રીય બિઝનેશ ઓફ ધ ઈયર-૨૦૧૪નો ખિતાબ કોને એનાયત કરવામાં આવ્યો હતો?
➜ **લોર્ડ સ્વરાજ પોલ**
૧૮. ૨૦૧૪માં યુનાઈટેડ કિંડ્ગમની સુપર રિચલીસ્ટમાં કોને સર્વોચ્ચ સ્થાન આપવામાં આવ્યું છે?
➜ **હિન્દુજા ભાઇઓ**
૧૯. ૨૦૧૪માં જાહેર થયેલા હ્યુમન ડેવલપમેન્ટ રિપોર્ટ મુજબ માનવ વિકાસ ઈન્ડેક્સમાં ભારતનો ક્રમ કેટલામો છે ?
➜ **૧૩૫**
૨૦ ૨૦૧૪માં જાહેર થયેલા હ્યુમન ડેવલપમેન્ટ રિપોર્ટ મુજબ માનવ વિકાસ ઈન્ડેક્સમાં પ્રથમ ક્રમે કયો દેશ છે ?
➜ **નોર્વે**